# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની અખબારી યાદી જણાવે છે કે જૂન/જુલાઈ-૨૦૨૪માં યોજાયેલ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ/સામાન્ય પ્રવાહ)ની પૂરક પરીક્ષાનું પરિણામ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની વેબસાઈટ **www.gseb.org** પર **તા.૨૯/૦૭/૨૦૨૪**ના રોજ ઓનલાઈન જાહેર કરવામાં આવેલ. સદર પરીક્ષાના ગુણપત્રકો, એસ.આર. અને પ્રમાણપત્રો તમામ જિલ્લાની જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી ખાતે બોર્ડની કચેરીએથી રવાના કરવામાં આવેલ છે. જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ ગુણપત્રકો, એસ.આર. અને પ્રમાણપત્રો વિતરણ કરવા અંગેનું યોગ્ય આયોજન કરી **તા.૦૭/૦૮/૨૦૨૪**ના રોજ જિલ્લાની ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ/સામાન્ય પ્રવાહ)ની શાળાઓને પરિણામ વિતરણ થઈ જાય તે મુજબ તમામ વ્યવસ્થા ગોઠવવી. રાજ્યની ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ/સામાન્ય પ્રવાહ)ની તમામ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના આચાર્યશ્રીઓએ પોતાની શાળાનું પરિણામ (ગુણપત્રકો, પ્રમાણપત્રો અને એસ.આર.) મુખત્યારપત્ર રજૂ કરી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી દ્વારા નિયત થયેલ સમયે અને સ્થળેથી મેળવી લેવાનાં રહેશે. શાળાઓએ **તા.૦૮/૦૮/૨૦૨૪** સુધીમાં વિદ્યાર્થીઓને પરિણામનું વિતરણ કરવાનું રહેશે. જેની શાળાના આચાર્યશ્રીઓ, વાલીઓ, વિદ્યાર્થીઓ તથા તમામ સંબંધિતોએ નોંધ લેવી.

નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

**તારીખ :** ૦૬/૦૮/૨૦૨૪
**સ્થળ :** ગાંધીનગર